ભરૂચ જિ.પં.ના પ્રમુખ પદે ડિમ્પલબેન રાજની તાજપોશી કરાઇ

ભાજપના 26 સભ્યના સમર્થન સાથે ડિમ્પલબેન પ્રમુખ, અજીત વસાવા ઉપપ્રમુખ બન્યા

આમ આદમી પાર્ટીના ઉમેદવારોને માત્ર 5 મત

ભરૂચઃ ભરૂચ જિલ્લા પંચાયતના પ્રમુખ અને ઉપપ્રમુખ પદની ચૂંટણીમાં ભાજપને સ્પષ્ટ બહુમતી મળી છે. જિલ્લા પંચાયતના કુલ વિજેતા સભ્યોમાંથી 26 ભાજપ સભ્યોએ પ્રમુખ પદ માટે ડિમ્પલબેન વિક્રમસિંહ રાજના નામની સત્તાવાર જાહેરાત કરતાં તેમને હાથ ઊંચા કરી સમર્થન આપ્યું હતું. આપ તરફથી નર્મદાબેન નરેશભાઈ વસાવાને માત્ર 5 મત મળ્યા હતા. આમ, ડિમ્પલ વિક્રમસિંહ રાજને આગામી અઢી વર્ષ માટે જિલ્લા પંચાયત પ્રમુખ તરીકે વિજેતા જાહેર કરવામાં આવ્યા છે. ઉપપ્રમુખ પદ માટે ભાજપના અજીત ચીમનભાઈ વસાવાના નામની જાહેરાત થઈ, જેમને 26 મત મળ્યા. આમ આદમી પાર્ટીના અનિલભાઈ ભરતભાઈ વસાવાને 5 મત મળતાં અજીત ચીમનભાઈ વસાવાને ઉપપ્રમુખ તરીકે જાહેર કરવામાં આવ્યા હતા.

પ્રમુખ અને ઉપપ્રમુખનાં નામોની સત્તાવાર જાહેરાત થતાં જ જિલ્લા પંચાયતના ચુંટાયેલા સભ્યો, કાર્યકરો અને સમર્થકોમાં ખુશીનો માહોલ છવાઈ ગયો હતો. મોટી સંખ્યામાં હાજર સમર્થકોએ નવા હોદ્દેદારોને ફૂલહાર પહેરાવી શુભેચ્છાઓ પાઠવી હતી. આ પ્રસંગે ભરૂચ જિલ્લા ભાજપ સંગઠનના આગેવાનો અને શુભેચ્છકો ઉપસ્થિત રહ્યા હતા અને નવા હોદ્દેદારોને વધાવી લીધા હતા.

તાપીમાં 8 તાલુકા પંચાયતના પ્રમુખ-ઉપપ્રમુખ સહિતના હોદ્દેદારો નિમાયા

વ્યારા અને ઉકાઇ તાલુકા પંચાયતમાં કોંગ્રેસ, જ્યારે વાલોડ, ડોલવણ સહિત અન્ય 6 તાલુકામાં ભાજપના સુકાની

વ્યારાઃ તાપી જિલ્લામાં વ્યારા સહિત તમામ 8 તાલુકામાં પ્રમુખ-ઉપપ્રમુખ સહિતના હોદ્દેદારોની સત્તાવાર રીતે વરણી કરવામાં આવી હતી, જેમાં વ્યારા અને નવનિર્મિત ઉકાઇ તાલુકામાં કોંગ્રેસના શાસનનો નવો અધ્યાય શરૂ થતાં ગતરોજ સામાન્ય સભામાં પ્રમુખ-ઉપપ્રમુખ સહિતના હોદ્દેદારોની સત્તાવાર રીતે જાહેરાત કરવામાં આવી હતી. જેમાં વ્યારા તાલુકા પંચાયતમાં પ્રમુખ તરીકે વૃક્ષાબેન ગામીત અને ઉપપ્રમુખ તરીકે ધર્મેશ ગામીતની વરણી કરવામાં આવી હતી. આ ઉપરાંત નવનિર્મિત ઉકાઈ તાલુકા પંચાયતમાં કોંગ્રેસ અને આમ આદમી પાર્ટીના સહયોગથી હોદ્દેદારોની વરણી કરાઈ હતી. ત્યારે ઉકાઇ તાલુકા પંચાયતના કોંગ્રેસનાં હિનાબેન ગામીતને પ્રમુખ તરીકે, જ્યારે આમ આદમી પાર્ટીના સભ્ય ભાવનાબેન રામરાજેની ઉપપ્રમુખ તરીકે વરણી કરવામાં આવી હતી.

તાપી જિલ્લામાં વાલોડ, ડોલવણ, સોનગઢ, ઉચ્છલ, નિઝર અને કુકરમુંડા તાલુકા પંચાયતમાં ભાજપ સત્તા પર આવ્યો છે. ત્યારે ગતરોજ વાલોડ તાલુકા પંચાયતમાં ધીરેન ગામીતને પ્રમુખ, જ્યોત્સના આહીરને ઉપપ્રમુખ, સંજીવ પટેલને કારોબારી અધ્યક્ષ જોસેફ ગામીતને પક્ષના નેતા તેમજ વિભૂતિ હળપતિને દંડક તરીકે વરણી કરવામાં આવી હતી.

ડોલવણ તાલુકા પંચાયતમાં અજીત ગામીતને પ્રમુખ, હિતેશ ચૌધરીને ઉપપ્રમુખ, પીનલ ગામીતને કારોબારી અધ્યક્ષ, રાજેશ ગામીતને પક્ષના નેતા તેમજ તારાબેન પટેલને દંડક બનાવાયાં હતાં.

નિઝર તાલુકા પંચાયતનાં પ્રમુખ તરીકે સુમિત્રા નાઈક, ઉપપ્રમુખ તરીકે ગોવિંદ પાડવી, કારોબારી અધ્યક્ષ તરીકે સોનલ પાડવી, હર્ષદાબેન નાયકને પક્ષના નેતા જ્યારે જયદાસ પાડવીની દંડક તરીકે વરણી કરવામાં આવી હતી. ઉચ્છલ તાલુકા પંચાયતનાં પ્રમુખ તરીકે નિલેશ ઢોડિયા, ઉપપ્રમુખ તાયુબેન ગામીત, સંદીપ પાટીલને કારોબારી, દીક્ષિતા ગામીતને પક્ષના નેતા તેમજ દંડક તરીકે ઈનેશ વસાવાની વરણી કરવામાં આવી હતી. જ્યારે કુકરમુંડા તાલુકા પંચાયતમાં પ્રમુખ તરીકે રજીલા પાડવી, ઉપપ્રમુખ તરીકે કૃષ્ણ શિરશાઠ, કારોબારી અધ્યક્ષ તરીકે હરીશ પાડવી અને સવિતા પાડવીને દંડકની જવાબદારી સોંપવામાં આવી હતી. સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીમાં પરિણામ દરમિયાન કોંગ્રેસ અને ભાજપ વચ્ચે ટાઈ રહેલી સોનગઢ તાલુકા પંચાયતમાં પ્રથમ સામાન્ય સભામાં ભાજપ દ્વારા પ્રમુખ-ઉપપ્રમુખ ચૂંટણીમાં ભાજપે બહુમતી પુરવાર કરતાં પ્રમુખ તરીકે દિનેશ ગામીત, નીલાબેન ગામીતની ઉપપ્રમુખ તરીકે, મનોજ ગામીતની કારોબારી અધ્યક્ષ અને રાજેશ ગામીતને પક્ષના નેતા જ્યારે સફીરા ગામીતને દંડક બનાવાયાં હતાં.

સોનગઢમાં આઝાદી બાદ પ્રથમ વખત ભાજપનો ભગવો લહેરાયો

સોનગઢઃ સોનગઢ અને નવનિર્મિત ઉકાઈ તાલુકા પંચાયતની ચૂંટણીમાં મોટો રાજકીય ડ્રામા સર્જાયો છે. સોનગઢની ૧૮ બેઠક પર ભાજપ-કોંગ્રેસ વચ્ચે ૯-૯ સીટોની ટાઈ પડી હતી. જો કે, સાદડુંન બેઠકના કોંગ્રેસ વિજેતા સભ્ય દિનેશ ગામીતને માજી સભ્ય યાકુબ ગામીતે ગેરહાજર રખાવતાં (જેમના અપહરણના આક્ષેપો પણ થયા છે), કોંગ્રેસનું ગણિત બગડ્યું હતું. પ્રમુખની ચૂંટણીના અતિ મહત્ત્વના સમયે જ આ સભ્ય ગેરહાજર રહેતાં કોંગ્રેસના અન્ય ચુંટાયેલા તાલુકા પંચાયતના સભ્યોએ આ અંગે ગંભીર આક્ષેપો કરીને પોતાની ભારે નારાજગી દર્શાવી હતી. પરિણામે, આઝાદી પછી પ્રથમવાર સોનગઢમાં ભાજપે સત્તા મેળવી પ્રમુખ તરીકે દિનેશભાઈ ગામીત અને ઉપપ્રમુખ તરીકે લીલાબેનની વરણી કરી છે. બીજી તરફ ઉકાઈ તાલુકા પંચાયતમાં કોંગ્રેસે 'આપ'ના ૪ સભ્યના ટેકાથી ગઠબંધન સરકાર બનાવી છે, જેમાં પ્રમુખ પદે કીનાબેન ગામીત (કોંગ્રેસ) અને ઉપપ્રમુખ પદે ભાવનાબેન (આપ) ચુંટાયા છે.

વાલોડમાં કોંગ્રેસના ચુંટાયેલા ૫ સભ્ય એકલા પડી ગયા

વાલોડઃ વાલોડ તાલુકા પંચાયતની પ્રમુખ અને ઉપપ્રમુખ પદની ચૂંટણીમાં ભાજપે ભવ્ય જીત મેળવી સત્તા જાળવી રાખી છે. પ્રાંત અધિકારીની અધ્યક્ષતામાં યોજાયેલી મતદાન પ્રક્રિયામાં ભાજપના પ્રમુખ પદના ઉમેદવાર ધીરેનકુમાર ગામીત અને ઉપપ્રમુખ પદના ઉમેદવાર જ્યોત્સનાબેન આહીરને ૧૧-૧૧ મતો મળ્યા હતા. જ્યારે સામે પક્ષે કોંગ્રેસના ઉમેદવારોને માત્ર ૫ મતો મળતાં ભાજપના બંને ઉમેદવારો સ્પષ્ટ બહુમતીથી વિજેતા જાહેર થયા હતા. બીજી તરફ ચૂંટણી પ્રક્રિયા દરમિયાન ભાજપનું સંગઠન એકજૂથ દેખાયું હતું, જ્યારે કોંગ્રેસના ઉચ્ચ પદાધિકારીઓ ગેરહાજર રહ્યા હતા. પ્રમુખ સતીશ ચૌધરી સહિતના નેતાઓની ગેરહાજરીને કારણે કોંગ્રેસના ચુંટાયેલા ૫ સભ્ય એકલા પડી ગયા હોવાની ચર્ચાએ જોર પકડ્યું છે. લોકોમાં ચર્ચાથી વાતો મુજબ કોંગ્રેસ સંગઠનના ઉચ્ચ હોદ્દા પર બિરાજમાન નેતાઓ આવા વિજેતા ઉમેદવારોને સપોર્ટ કરવાને બદલે ચૂંટણી પ્રક્રિયા પૂર્ણ થયા બાદ ભૂગર્ભમાં જતાં રહેતા હોય છે. જ્યારે ફરી ઇલેક્શન આવશે ત્યારે ગુફામાંથી બહાર નીકળતા હોય, જેથી કોંગ્રેસના ઉમેદવારોએ કારમો હારનો સામનો કરવો પડી રહ્યો છે. ચૂંટણી પ્રક્રિયા પૂર્ણ થયા બાદ પાંચ વર્ષો સુધી પ્રજાની વચ્ચે જઈ લડત ચલાવવામાં પણ પાછા પડતાં હોય, જે હારનું મુખ્ય કારણ હોવાનું સ્થાનિકો જણાવી રહ્યા છે.

બારડોલી તાલુકા પંચાયતમાં પ્રમુખ અને ઉપપ્રમુખની વરણી

પ્રમુખ તરીકે મયૂર રાઠોડ અને ઉપપ્રમુખ તરીકે હેમંતસિંહ બારડ

બારડોલીઃ બારડોલી તાલુકા પંચાયતની સામાન્ય ચૂંટણી બાદ આજે પ્રથમ સામાન્ય સભા પ્રાંત અધિકારી જીજ્ઞા પરમારના અધ્યક્ષ સ્થાને મળી હતી. જેમાં પ્રમુખ તરીકે મયુર રાઠોડ અને ઉપપ્રમુખ તરીકે હેમંતસિંહ બારડની સામે અન્ય કોઈ ઉમેદવારી આવી ન હોય બંનેની વિધિવત વરણી કરવામાં આવી હતી. અધિકારીઓએ તેમજ ઉપસ્થિત ભાજપ સમર્થકોએ પુષ્પગુચ્છ અર્પણ કરી અભિનંદન પાઠવ્યા હતા.

બારડોલી તાલુકા પંચાયતમાં કુલ 22 બેઠક પૈકી 21 બેઠક માટે ચૂંટણી યોજાઈ હતી. જે તમામ બેઠકો પર ભાજપે જીત મેળવી હતી. મતદાન પહેલાં અસ્તાન બેઠક પર કોંગ્રેસના ઉમેદવાર ધર્મેશ રાઠોડનું અવસાન થતાં આ બેઠકની ચૂંટણી સ્થગિત કરવામાં આવી હતી. જો કે સુરત જિલ્લા વિકાસ અધિકારી દ્વારા બારડોલી તાલુકા પંચાયતમાં પ્રમુખ ઉપપ્રમુખની વરણી માટે માટે એજન્ડા બહાર પાડવામાં આવ્યો હતો. જે અંતર્ગત શુક્રવારના રોજ ઉમેદવારી પત્રો ભરવામાં આવ્યા હતા. જેમાં પ્રમુખ તરીકે ભાજપે મયુર રાઠોડ અને ઉપપ્રમુખ તરીકે હેમંતસિંહ બારડના નામનું મેન્ડેટ આપતા તેમણે ઉમેદવારી નોંધાવી હતી.

વિનોદ મૈસુરીયા

માંગરોળ તાલુકા પંચાયતના પ્રમુખ પદે સંગીતાબેન ગામીતની નિમણૂક થઈ

વાંકલઃ માંગરોળ અને ઉમરપાડા તાલુકા પંચાયતની ચૂંટણીમાં ભાજપે ભવ્ય વિજય મેળવીને સત્તાનાં સૂત્રો સંભાળ્યાં છે. અન્ય કોઈ પક્ષ દ્વારા દાવેદારી ન કરાતા બંને તાલુકા પંચાયતોમાં હોદ્દેદારો બિનહરીફ ચુંટાયા છે. માંગરોળ તાલુકા પંચાયતની ૨૦ બેઠક પર સ્પષ્ટ બહુમતી મેળવ્યા બાદ ભાજપે હોદ્દેદારો જાહેર કર્યા હતા.

જેમાં આંબાવાડી બેઠક પરથી ૧૫૦૦થી વધુ મતોની લીડથી વિજેતા બનેલા અને M.A., B.Ed.નો ઉચ્ચ અભ્યાસ ધરાવતાં સંગીતાબેન અશ્વિનભાઈ ગામીતની પ્રમુખ પદે વરણી કરવામાં આવી છે. તેમની પસંદગીથી મૂળ વતન વેરાકુઈ ગામમાં ખુશીનો માહોલ છે. આ ઉપરાંત ઉપપ્રમુખ પદે રાજુભાઈ પટેલ, કારોબારી અધ્યક્ષ પદે ઉર્વશીબેન સોલંકી, શાસક પક્ષનાં નેતા તરીકે સીતાબેન ચૌધરી અને દંડક તરીકે હરેશભાઈ વસાવાની નિમણૂક કરાઈ છે. બીજી તરફ ઉમરપાડા તાલુકા પંચાયત ખાતે પ્રમુખ પદે સપનાબેન વસાવાની બિનહરીફ વરણી કરવામાં આવી છે. જ્યારે ઉપપ્રમુખ પદે અમરસિંગ બાંગાભાઈ વસાવા અને અધ્યક્ષ તરીકે શીતલ વસાવાની વરણી કરવામાં આવી છે.

માંડવી અને અરેઠ તા.પં.ના પ્રમુખ-ઉપપ્રમુખ વરાયા

હિતેશ પટેલ

માંડવીઃ માંડવી અને અરેઠ તાલુકા પંચાયતમાં આગામી અઢી વર્ષની મુદત માટે પ્રમુખ અને ઉપપ્રમુખ સહિતના વિવિધ હોદ્દેદારોની સત્તાવાર નિમણૂક કરવામાં આવી છે. શાસક પક્ષ ભાજપ દ્વારા મેન્ડેટ જાહેર કરી બંને તાલુકા પંચાયતોના હોદ્દેદારો નક્કી કરાયા હતા. માંડવી તાલુકા પંચાયત હોલ ખાતે ટીડીઓ રાજેન્દ્રસિંહ પરમારના અધ્યક્ષ સ્થાને મળેલી બેઠકમાં માંડવી તાલુકા પંચાયતના પ્રમુખ પદે પ્રમુખ તરીકે શારદાબેન કમલેશભાઈ વસાવા અને ઉપપ્રમુખ તરીકે રીતેશભાઈ પ્રેમાભાઈ ચૌધરીની વરણી કરાઈ છે.

આ ઉપરાંત કારોબારી અધ્યક્ષ તરીકે જતીનભાઈ ચૌધરી, પક્ષના નેતા તરીકે કમલેશભાઈ ચૌધરી અને દંડક તરીકે સુમિત્રાબેન વસાવાની જાહેરાત કરાઈ હતી.

બીજી તરફ, અરેઠ ખાતે નાયબ જિલ્લા વિકાસ અધિકારી પીયૂષ પટેલની અધ્યક્ષતામાં યોજાયેલી સભામાં પ્રમુખ પદે મુકેશભાઈ દશાભાઈ ચૌધરી અને ઉપપ્રમુખ પદે રક્ષાબેન પ્રિતેશભાઈ ચૌધરીની પસંદગી થઈ છે. જ્યારે કારોબારી અધ્યક્ષ તરીકે નવીનચંદ્ર પટેલ, પક્ષના નેતા તરીકે મનીષાબેન ગામીત અને દંડક તરીકે અનિતાબેન લાડની વરણી કરાઈ છે. વરણી પ્રક્રિયા પૂર્ણ થતાં જ નવનિયુક્ત પદાધિકારીઓએ વિધિવત ચાર્જ સંભાળી લીધો હતો. આ પ્રસંગે તાલુકા ભાજપ સંગઠન પ્રમુખ અનિલભાઈ ચૌધરી, મહામંત્રી અલ્પેશભાઈ પટેલ, આતિશ ચૌધરી, શંકરભાઈ ચૌધરી, જિ.પં. ના સભ્યો નીરવભાઈ લાડ, ગીતાબેન પટેલ, દર્શનાબેન ગામીત સહિતના અનેક કાર્યકરો તેમજ સ્થાનિક આગેવાનોએ ઉપસ્થિત રહીને નવનિયુક્ત પદાધિકારીઓને શુભેચ્છાઓ પાઠવી હતી.

જમીન વેચવાની છે

મોજે ગામ કઠોર માં બિનખેતીની SMC વિસ્તારમાં ૩૦ મીટરનાં મેઈન રોડ ટચ ૮૫૦૦ ચો.વાર ફાયનલ પ્લોટ કોમર્શીયલ જમીન સ્વાગત રેસીડેન્સીની સામે વેચવાની છે.

M. 8347476444

સંક્ષિપ્ત સમાચાર

ઘોડબાર નજીક અકસ્માતમાં એકનું મોત

વાંકલઃ માંગરોળના ઘોડબાર ગામની સીમમાં ઝંખવાવ-ઘોડબાર રોડ પર બે મોટરસાઇકલ વચ્ચે સર્જાયેલા અકસ્માતમાં ૫૭ વર્ષીય પ્રૌઢ સમુભાઈ લાલજીભાઈ ચૌધરીનું મોત નીપજ્યું છે. ગતરોજ બપોરે સમુભાઈ ખેતરેથી પોતાના ઘરે પરત ફરી રહ્યા હતા, ત્યારે સામેથી પૂરઝડપે આવી રહેલી અન્ય એક બાઇકના ચાલક વૈભવ રવિન્દ્રભાઈ ચૌધરીએ તેમની બાઇકને જોરદાર ટક્કર મારી હતી. આ ભયાનક અકસ્માતમાં સમુભાઈને માથા અને શરીરના ભાગે ગંભીર ઇજા પહોંચતાં હોસ્પિટલમાં ફરજ પરના તબીબે તેમને મૃત જાહેર કર્યા હતા. અકસ્માત સર્જનાર ચાલક વૈભવને પણ ગંભીર ઇજા પહોંચી છે. આ બનાવ અંગે મૃતકના મોટા પુત્ર મેહુલ ચૌધરીએ ઝંખવાવ પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવતાં પોલીસે ગુનો નોંધી આગળની તપાસ હાથ ધરી છે.

પલસાણાના ઇટાળવા ગામમાં યુવકે ફાંસો ખાઈ જીવન ટુંકાવ્યું

પલસાણાઃ પલસાણાના ઇટાળવા ગામે એક ૨૬ વર્ષીય પરપ્રાંતિય યુવકે ગળે ફાંસો ખાઈ આત્મહત્યા કરી લીધી હતી. મૂળ ઉત્તર પ્રદેશના કાનપુર દેહાતના મુઘલપુરા ગામનો વતની અને હાલ ઇટાળવા ગામમાં સર્વોત્તમ હોટલની પાછળ આવેલી નિર્મળભાઈની બિલ્ડિંગના રૂમ નં.૧૩માં રહેતો ૨૬ વર્ષીય દેવાનંદ ઉજાગરલાલ ચમારે શુક્રવારે સવારે પોતાન રૂમમાં કમરનો પટ્ટો ગળે બાંધી ફાંસો ખાઈ લીધો હતો.

ઓલપાડ તાલુકા પંચાયતના પ્રમુખ પદે પીયૂષ પટેલ નિમાયા

ઉપપ્રમુખ પદે મેઘનાબેન પટેલ બિનહરીફ ચુંટાયાં

સાયણઃ ઓલપાડ તાલુકા પંચાયતની શનિવારે પ્રાંત અધિકારી પાર્થ તલસાણીયાની નિગરાની હેઠળ ખાસ સાધારણ સભા યોજાઈ હતી, જેમાં અઢી વર્ષની ટર્મ માટે ભાજપ મોવડી મંડળના મેન્ડેટથી પ્રમુખ અને ઉપપ્રમુખની બિનહરીફ વરણી કરવામાં આવી છે. ૨૪ સીટના સદસ્યની આ સભામાં પ્રમુખ પદે પિંજરત સીટના પીયૂષભાઈ બળવંતભાઈ પટેલ અને ઉપપ્રમુખ પદે ટકારમા સીટનાં મેઘનાબેન કે.પટેલ સામે અન્ય કોઈ ઉમેદવારી ન હોવાથી બંનેને બિનહરીફ જાહેર કરાયાં હતાં. ઉપરાંત કારોબારી સમિતિના અધ્યક્ષ પદે ભાવેશ પી.નાતાલી, શાસક પક્ષના નેતા તરીકે કિરીટભાઈ જે.પટેલ અને દંડક તરીકે અમૃતભાઈ રાઠોડની પણ બિનહરીફ વરણી થઈ છે.

NIRMA UNIVERSITY
INSTITUTE OF TECHNOLOGY
NAAC ACCREDITED 'A+' GRADE

INSTITUTE OF TECHNOLOGY
Admission Announcement 2026
MTech Programmes

- Centre of Excellence Status by the Government of Gujarat
- Scholarship to all students
- Opportunity for Dual Degree Scheme - MTech plus PhD

Applications are invited for the MTech programmes in the following disciplines:

- Computer Science and Engineering
- Civil Engineering
- Electronics & Communication Engineering
- Mechanical Engineering
- Electronics & Instrumentation Engineering

LAST DATE TO APPLY 15th June, 2026

APPLY ONLINE

The details regarding eligibility, application and admission procedure are at your fingerstip :
https://admissions-mtech.nirmauni.ac.in/mtech.html

All communications be addressed to:
The Member Secretary (MTech Admission),
Institute of Technology, Nirma University, Ahmedabad.
pgadmissions.it@nirmauni.ac.in
+91-079-71652122, +91-079-71652000